**GREENLAWNS HIGH SCHOOL**
**FINAL EXAMINATION (2025-2026)**
**SUBJECT: GUJARATI (II Language)**

**CLASS: IX A,B,C**
**Date:** 04.03.2026

**Marks: 80**
**Time: 3 hours**

---

Answers to this paper must be written on the paper provided separately.
You will not be allowed to write during the first 10 minutes.
This time is to be spent in reading the question paper.
The time given at the head of this paper is the time allowed for writing the answers.

---

This paper comprises two sections - Section A and Section B
Attempt all the questions from section A.
Attempt any four questions from section B.
The intended marks for questions or parts of questions are given in brackets ( ).

---

વિભાગ અ (૪૦ માર્ક્સ)
**Section A (40 marks)**

**પ્રશ્ન ૧. નીચે આપેલા વિષયો માંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.** **(૧૫)**

૧. હું સૈનિક હોઉં તો?
૨. 'જાગ્યા ત્યારથી સવાર' કહેવત ના આધારે વાર્તા કે એક પ્રસંગ લખો.
૩. માતૃભાષા દ્વારા શિક્ષણ જરૂરી છે તે માટે તમારા વિચારો દર્શાવો.
૪. તહેવારો નું જીવન માં મહત્વ
૫. નીચે આપેલું ચિત્ર જોઈ તમારા મન માં ઉઠતા ભાવો ને વાચા આપતો નિબંધ કે વાર્તા લખો.




**પ્રશ્ન ૨. નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર પત્ર લખો.** **(૭)**

૧. તમે દિવાળી ની રજા માં અનેક જગ્યાએ વૃક્ષારોપણ કર્યું, લોકોને જાગૃત કર્યા તેનો આનંદ વ્યક્ત કરતો પત્ર કાકા ને લખો.
૨. તમારા ઘર ની આજુ બાજુ રસ્તા ખોદવાનું કામ ચાલુ કર્યું હતું પણ ઘણા સમય થી કાર્ય અધૂરું પડ્યું છે તે માટે લોકો ને ખૂબ મુશ્કેલી પડે છે તે માટે મહાનગરપાલિકા ને પત્ર લખો.

પત્ર ૩. નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેના આધારે પ્રશ્નોના જવાબ લખો.

'લ્યો હિંમતથી કામ, બાળક જીવન છે સંગ્રામ'

એક હિંમત એવી છે કે જે તમને પગપાળા નદી ઓળંગાવી શકે છે તો બીજી એક હિંમત એવી છે કે જે તમને સત્યના માર્ગ ઉપર મૂકી આપે છે. પરંતુ સત્યના માર્ગમાં દાખલ થયા કરતાં પણ એ માર્ગ ઉપર ટકી રહેવા માટે આ કરતા પણ વધુ એક હિંમતની જરૂર પડે છે.

ભગવાન બુધ્ધ પોતાના શિષ્યોને કહેતા હતા કે તમે તમારાથી બને તેટલી ઉત્તમ રીતે કાર્ય કરો અને ઉત્તમ કર્મના પરિણામ એક દિવસ અવશ્ય આવશે એવી શ્રધ્ધા રાખો. આ વાતનું તેઓ એક ઉદાહરણ આપતાં:

'જુઓ મરઘી છે તે ઇંડા મૂકે છે અને પછી તેના ઉપર બેસી તેમને સેવે છે પણ તે એ બાબતની લેશ પણ ચિંતા નથી કરતી કે મારા બચ્ચાં પોતાનું કોચલું તોડીને બહાર આવી શકશે કે નહિ, તેમને સુર્યનો પ્રકાશ જોવા મળશે કે નહિ. એ મરઘીની પેઠે તમે પણ તમારા કર્મોની ચિંતા કર્યા વગર ધર્મના માર્ગ બરાબર ચાલ્યા કરશો તો તમે પણ પ્રકાશની અંદર પહોંચી જશો.'

અને સાચી હિંમત એ જ છે. ધર્મના સીધા માર્ગ પર ચાલ્યા અને તમારે માર્ગમાં જે તોફાન આવે અંધકાર અને દુ:ખ આવે તો તેની સામે લડી લો. ખેતથી આગળ વધતા રહો સદા ને સદા, અને એમ કરતાં પ્રકાશમાં પહોંચી જાઓ.

પ્રાચીન કાળમાં કાશી નગરીની અંદર બ્રહ્મદત રાજા રાજ્ય કરતો હતો. તને એક બીજા દેશના રાજા સાથે દુશ્મનાવટ હતી. પેલા દુશ્મન રાજાએ બ્રહ્મદત્તની સામે લડાઇ લડવા એક હાથી તૈયાર કર્યો.

બંને રાજા વચ્ચે લડાઈ જાહેર થઈ. અને પેલો ઉત્તમ હાથી પોતાના રાજાને પોતાની પીઠ ઉપર બેસાડીને કાશી નગરના ઠેઠ કિલ્લા સુધી આવી પહોંચ્યો. કિલ્લાના બુરજો પર સૈનિક ગોઠવાઈ ગયા હતા અને ત્યાંથી નીચે ગોફણોમાંથી પથ્થરો વરસાવતા હતા. આગના સળગતા ગોળા નીચે ફેંકતા હતા.

દુશ્મનોના આ ભયંકર મારા સામે હાથી પ્રથમ તો ઢીલો થઇ ગયો. પણ એટલામાં હાથીને તાલીમ આપનાર તેનો ઉસ્તાદ ત્યાં દોડતો આવી પહોંચ્યો અને બોલી ઊઠ્યો-

"અરે હસ્તિરાજ. તું તો મહાન છે. બહાદુરની પેઠે કામ કર. દરવાજા તોડી ભોંય ભેગા કરી દે."

આ શબ્દો સાંભળતા વેંત હાથીને હિંમત આવી, દરવાજાના તોતિંગ બારણાં

ઉપર તેણે જોરથી ધસારો કર્યા, બારણાં કકડાટ કરતાં તૂટી પડયાં અને હાથીએ પોતાના રાજાને વિજય અપાવ્યો.

આ રીતે હિંમતને બળે માણસ મુશ્કેલીઓ સામે વિજયી બને છે. હિંમત માણસને માટે વિજયના દરવાજા ખોલે છે.

પ્રશ્નો:-

૧. હિંમત કેટલા પ્રકારની હોય છે? સમજાવો. (૨)
૨. મરઘી તેના ઇંડા કેવા ભાવ સાથે સેવે છે? આ ઉદાહરણ ભગવદ ગીતાનો કયો બોધ આપે છે? (૨)
૩. લેખક સાચી હિંમત વિશે શું સમજાવ્યું છે? (૨)
૪. હિંમત આપતા હાથીને મહાવત કઈ રીતે ઉત્સાહ આપે છે? તેનું શું પરિણામ આવે છે? (૨)
૫. આ ફકરાના દૃષ્ટાંતો દ્વારા આપણને શી શીખ મળે છે? ફકરા સિવાયનું તમે વાંચેલું કે સાંભળેલું હિંમતનું એક દૃષ્ટાંત લખો. (૨)

પ્રશ્ન ૪. નીચે આપેલા પ્રશ્નો ના ઉતર સૂચના પ્રમાણે લખો.

1. 'કાન ની બૂટ પકડવી' રૂઢિપ્રયોગ માટે નીચે માંથી કયું વાક્ય સાચું છે? (૧)
   a. રાજ એ રમા ને બૂટ પહેરાવી.
   b. રાજ એ રમા ની પાસે કાનની બૂટ પકડાવી.
   c. રાજ એ રમા ને કહ્યું કાનની બૂટ પકડવી જોઈએ.
   d. રમા એ ભૂલ કબૂલ કરી રાજ ની સામે કાનની બૂટ પકડી.

2. 'સૂર' માટે યોગ્ય દ્વિઅર્થી શબ્દ શોધો. (૧)
   a. સૂરજ, ગાવાનો સૂર
   b. અવાજ, સૂવું
   c. કંઠ, સૂરા
   d. સૂરજમુખી, સૂરજ

3. શબ્દ સમૂહ બદલે એક શબ્દ લખો. (૧)
   ચારે બાજુ ફરવું
   a. પ્રદક્ષિણા
   b. પ્રદશિત
   c. દક્ષિણા
   d. પ્રદક્ષિણ

4. લીટી દોરેલ શબ્દ નો યોગ્ય વિરોધી શબ્દ ખાલી જગ્યા માટે શોધો. (૧)
   ભગવાન દુનિયાનું <u>સર્જન</u> કરે છે તેમ ___________ પણ કરે છે.
   a. સજીવ
   b. સંહાર
   c. વિનાશ
   d. પતન

5. લીટી દોરેલ શબ્દના બદલાયેલા લિંગ (જાતિ) માટે સાચું શબ્દ શોધો. (૧)
   રમેશ એ <u>સાધુ</u> અને __________ નું બહુમાન કર્યું.
   a. સાધ્વી
   b. વિદુષી
   c. સન્યાસી
   d. સમ્રાજ્ઞી

6. આપેલા શબ્દ માં થી સાચી જોડણી શોધો. (૧)
   a. અસ્થિર
   b. અસથીર
   c. અસ્થીર
   d. અસિથિર

7. વર્તમાન કાળ વાળું વાક્ય શોધો. (૧)
   a. રાણી બગીચા માં ફરવા નીકળ્યા હતા.
   b. રાણી બગીચા માં ફરવા નીકળ્યા છે.
   c. રાણી બગીચા માં ફરવા લાગશે.
   d. રાણી બગીચા માં ફરવાનું વિચારશે.

**Question 7**

**Read the extract given below and answer in Gujarati the questions that follow.**
પ્રશ્ન ૭. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નો ના જવાબ લખો.

"ધન, જોબન ને ઠાકરી તે ઉપર અવિવેક;
એ ચાર ભેગા દુઆ, અનરથ કરે અનેક."

- સુભાષિત
- Subhashit

૧. સુભાષિત નો અર્થ લખી તે નવી પેઢી માં સંસ્કારો નું સિંચન કેવી રીતે કરી શકે છે? (૨)
૨. કઈ વસ્તુઓ ફરી શકે છે? કોણ પોતાના વચન થી ફરતું નથી? (૨)
૩. ઉપર આપેલું સુભાષિત તમારા શબ્દ માં સમજાવો. (૩)
૪. જાતે કરવું જાતે રડવું સુભાષિત દ્વારા આપણને શું બોધ મળે છે? (૩)

સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તા)
**SAHITYA GURJARI (SHORT STORIES)**

**Question 8**

**Read the extract given below and answer in Gujarati the questions that follow.**
પ્રશ્ન ૮. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નો ના જવાબ લખો.

"એક નાનકડી કાળી બેગ ને ફુંજો લઈ દાદા ઘર માં આવ્યા ત્યારે હસતે મુખે આવ્યા કહેવાનીય કોઈ બે ઈચ્છા ન થઈ."

- દાદાનો દલ્લો – ઈલા આરબ મહેતા
- Dadano Dallo - Ila Aarab Mehta

૧. ઈલા બહેન એ કઈ કોલેજ માં સેવા આપી હતી? તેમના બે વાર્તા સંગ્રહ ન નામ લખો. (૨)
૨. ઘર ના સભ્ય ના નામ લખી ઘર ની ગૃહિણી નું દિનચર્યા લખો. (૨)
૩. કોને સિનેમા જોવાની આદત હતી? દાદાએ તેના માં કયું પરિવર્તન લાવ્યું? કઈ રીતે? (૩)
૪. અંત માં દાદાએ ચિઠ્ઠી માં લખેલા વિચારો જણાવો. (૩)

**Question 9**

**Read the extract given below and answer in Gujarati the questions that follow.**
પ્રશ્ન ૯. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નો ના જવાબ લખો.

"સાત x પાંચની પોતાની નાનકડી ઓરડીમાં સવારના સાત વાગ્યે જ્યારે કિશોરીલાલ આ કરવા બેઠો ત્યારે તેની આંખમાંથી આંસુ નીકળી પડ્યાં."

- પરિવર્તન - ગૌરીશંકર જોશી

- Parivartan - Gaurishankar Joshi

૧. પરિવર્તન પાઠ માં લેખક નું ઉપનામ લખી કયા યુગ ના છે તે જણાવો. (૨)
૨. કિશોરીલાલ એ બીજી વાર છાપું વાંચી ને શો પ્રતિભાવ આપ્યો? તેનું પરિણામ શું આવ્યું? (૨)
૩. કિશોરીલાલ માં કોણ પરિવર્તન લાવી શક્યું? શી રીતે? (૩)
૪. કિશોરીલાલ નો નિર્ણય યોગ્ય હતો? આ ઓરસંગ પરથી શું બોધ મળે છે? (૩)

**Question 10**

**Read the extract given below and answer in Gujarati the questions that follow.**

પ્રશ્ન ૧૦. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નો ના જવાબ લખો.

"આવતી કાલની ફીસ્ટ માં લાડુનું જમણ આ વાંચતા જ દેવશંકર માસ્તર થંભી ગયા."

- લાડુનું જમણ - પન્નાલાલ પટેલ

- Laadunu Jaman - Pannalal Patel

૧. લેખક ને કયો પુરસ્કાર શેના માટે મળ્યો હતો? લેખક નો યુગ લખો. (૨)

૨. લાડુ જમવા દેવશંકર એ દોઢ રૂપિયાની સગવડ કઈ રીતે કરી? (૨)

3. દેવશંકર માસ્તર ન જીવન માં કઈ કઈ ચડતી પડતી આવી હતી? (3)

૪. જળ મૂકવું એટલે શું? કોણે જળ મૂક્યું? શા માટે? (3)